**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૬ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૨૪ ટકા

# હોળીના પાવન પર્વે બજારમાં અવનવા ગીફટ હેમ્પર

ગાંધીનગર, તા.૨૫

હોળીના પાવન તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. હોળી એટલે વિવિધ રંગોનો તહેવાર... નાના બાળકથી લઈને સૌ કોઈ હોળીના પર્વને મનભરીને માણે છે. ત્યારે હોળીના તહેવારને પગલે શહેરના બજારોમાં અવનવા ગીફટ હેમ્પર બજારમાં આવી ચુક્યા છે. જેમાં ખજુર, ધાણી, હાઈડા, કલરની પડીકી અને ડ્રાયફ્રુટનો સમાવેશ થાય છે. આ ગીફટ હેમ્પર રૂ.૧૦૦ થી લઈને ૫૦૦૦ સુધીના ઉપલબ્ધ છે. ત્યારે ગીફટની સાથે સાથે ઘેવર જલેબી અનો માવા ગુંજીયા હોલી સ્પેશીયલ મીઠાઈનું બજારમાં આગમન થઈ ગયું છે ત્યારે શહેરના નાગરીકો એકબીજાને હોળીની શુભકામના આપવા માટે ગીફટ હેમ્પરની ખરીદી કરતા વધુ જોવા મળી રહ્યા છે.

હોળીના પર્વનું ભારતીય સંસ્કૃતિમાં ખુબ મહત્વ રહેલું છે. હોળી પ્રગટ્યા બાદ અગ્નિની દિશા જોઈ ખેડુતવર્ગ વર્ષ કેવું રહેશે તે નક્કી કરતા હોય છે. સમગ્ર ભારતભરમાં હોળીના તહેવારની અનોખી રીતે ઉજવણી થાય છે. જયારે રાજસ્થાનમાં આ તહેવારનુ મહત્વ ખાસ છે. હોળીમાં ખજુર, ધાણી, કલરની અને હાઈડાની બોલબાલા હોય છે. આરોગ્યની દ્રષ્ટિએ પણ ખજુર અને ધાણી ગુણકારી હોવાથી હોળીમાં સવિશેષ રીતે ખાવામાં આવે છે. હોળીમાં સ્નેહીજનોના ઘરે ખજુર ધાણી અને હાઈડા આપવાની જુની પરંપરા આજે પણ અકબંધ જોવા મળે છે. પરંતુ સમય અને સંજોગો બદલાતા ડ્રાયફ્રુટ અને અવનવી મીઠાઈઓએ ખજુર અને ધાણીનું સ્થાન લીધુ છે. જેમાં રાજસ્થાનમાં ખાસ હોળીના પાવન દિવસોમાં વપરાતી ઘેવર જલેબી, માવા ગુંજીયા મીઠાઈ ગુજરાતમાં પણ આવી ગઈ છે. હાલના સમયે ગાંધીનગરના બજારોમાં અવનવા ગીફટ હેમ્પરની બોલબાલા છે. જેમાં ખજુર, ધાણી અને ડ્રાયફ્રુટના ગીફટ બોક્ષ અલગ અલગ પ્રાઈઝમાં હાજર સ્ટોકમાં છે. જયારે માવા ગુંજીયા મીઠાઈ કિલોના રૂ.૪૮૦ છે, જયારે તેલની ઘેવર જલેબી કિલોના રૂ.૨૪૦ જયારે શુદ્ધ ઘીમાં રૂ.૫૪૦નો ભાવ છે. જયારે વેપારીઓના મતે ઘેવર જલેબી અને માવા ગુંજીયાનો વેપાર વધુ રહે છે. જયારે હોળીના આગળના દિવસે વિવિધ હેમ્પરની બોલબાલા રહે છે. જયારે હોળીના રંગબેરગી તહેવારની મજા નાગરીકો મનભરીને મીઠાઈને સંગ માણતા નજરે પડે છે.





## ૯ વર્ષથી લાપતા યુવતીને સે-૨૧ પોલિસે શોધી કાઢી

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ ખાતે રહેતી રાધીકા લોબાનસિંહ બારીયા નામની યુવતી ૯ વર્ષ પહેલા ઘરેથી લાપતા થઈ ગઈ હતી. સે-૨૧ પોલિસ મથકના પી.આઈ. નિરજ પટેલની ટીમે ચોકકસ બાતમી મેળવીને આ લાપતા થયેલી યુવતીને ગઈ કાલે શોધી કાઢી હતી અને યુવતિના પિતાને જાણ કરી બોલાવી લેવાયા હતાં.

તો બીજી તરફ ગાંધીનગરની એક સગીરાને સંતરામપુરનો શખ્સ ભગાડી ગયો હોવાની ઘટના બનવા પામી હતી. આ ઘટના અંગે સે-૨૧ પોલિસે તપાસ શરુ કરતા ભગાડી જનાર શખ્સ મગન મનસુખ ગરાસીયાનું લોકેશન સંતરામપુરનું આવતા પોલિસે આરોપીને પકડી પાડયો હતો અને સગીરાને શોધી કાઢવામાં આવી છે.

## લેકાવાડા પાસેથી બિયરનો જથ્થો ભરેલી જીપ પકડાઈ

ચિલોડા પોલિસે બાતમી આધારે દશેલા-લેકાવાડા રોડ ઉપર વૉચ ગોઠવીને બિયરનો જથ્થો ભરીને હેરાફેરી કરતી જીપને પકડી પાડવા ટીમ તૈનાત કરી હતી. પોલિસને જોઈને જીપ ચાલકે સ્પીડ વધારી દીધી હતી. જો કે પોલિસે પીછો કરીને બિયર ભરેલી જીપ સાથે એક શખ્સને પકડી પાડયો હતો. જયારે એક શખ્સ ભાગી છુટયો હતો. રૂ. ૩.૬૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને ચિલોડા પોલિસે પકડાયેલા શખ્સની ઊંડી પુછપરછ શરુ કરી છે.




ચિલોડા પી.આઈ. એલ.ડી. વાઘેલાની ટીમે ચોકકસ બાતમી આધારે દશેલા-લેકાવાડા રોડ ઉપર વૉચ ગોઠવી હતી. બાતમી વાળી આર.જે. ૨૭ ટી.એ. ૦૭૫૩ નંબરની મેકસ જીપ ત્યાંથી પસાર કરતા પોલિસે જીપ ઉભી રાખવા ઈશારો કર્યો પરંતુ ડ્રાઈવરે સ્પીડ વધારીને જીપ ભગાડી મુકી હતી. લેકાવાડા પાટીયા સુધી પોલિસે પીછો કરીને જીપ આંતરી લીધી હતી. જીપમાંથી ઉદેપુરના બુટલેગર ઈશ્વર શંભુ સિસોદીયાને પકડી પાડયો છે જયારે એક શખ્સ જીપમાંથી ફરાર થઈ ગયો હતો. જીપમાં તપાસ કરતાં અંદરથી ૫૭૬ નંગ બિયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો. પોલિસે રૂ. ૫૭,૬૦૦ની કિંમતની બિયર અને જીપ તથા બે મોબાઈલ મળી કુલ રૂ. ૩,૬૩,૬૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી લઈ દારૂનો માલ કયાં પહોંચાડવાનો હતો અને જથ્થો કયાંથી લવાયો હતો તે સહિતની પુછપરછ શરુ કરી છે.

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા ફયુઝન ફુડ ફેસ્ટ : ૨૦૧૮નું આયોજન

### દિકરી તમારી, ઘડતર અમારું





ગાંધીનગર, તા.૨૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગર્લ્સ હોસ્ટેલ દ્વારા 'ફયુઝન ફુડ ફેસ્ટ : ૨૦૧૮'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્યત્વે બ્યુટીપાર્લર, મહેંદી, ફેશન ડિઝાઈનીંગ, કુકીંગ જેવા ચાલતા તાલીમ વર્ગોની રજુઆત કરવામાં આવી હતી. તદઉપરાંત ગુજરાતી, ચાઈનીઝ, સાઉથ ઈન્ડિયન તથા ચટાકેદાર વેસ્ટર્ન વાનગીઓનો રસથાળ રજૂ કરાયો હતો.

મંડળ દ્વારા કૌશલ્યાબેન એન. પટેલના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય હેતુ 'લર્ન વીથ અર્ન' (ભણતર સાથે કમાણી) હતો. જેમાં મહેમાન તરીકે સર્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ, જયોતિ મહિલા મંડળના પૂર્વ પ્રમુખ લતાબેન ચોકસી, ભૂતપૂર્વ સુપરવાઈઝર દિલહરબા જાડેજા તથા જયોતિ મહિલા મંડળના પ્રમુખ ચેતનાબેન બુચ દ્વારા દિપ પ્રાગટય દ્વારા કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ૨૦૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાં કુકીંગમાં ૪૦, બ્યુટીપાર્લરમાં ૨૫, મહેંદીમાં ૭ તથા ફેશન ડિઝાઈનીંગમાં ૨૫ દિકરીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં દર વર્ષે ૮૦ થી ૯૦ ટકા જેટલી હોસ્ટેલની દિકરીઓ ટ્રેનિંગ લે છે. કોલેજનો હેતુ દિકરીને પોતાના પગ પર ઉભા કરવાનો છે. આ કાર્યક્રમ દ્વારા તાલીમની મદદથી દીકરી દર મહિને સરળતાથી ૬૦૦૦થી ૭૦૦૦ રૂપિયા કમાઈ શકે છે. આનો ઉદ્દેશ કોઈ સ્પર્ધા કે ઈનામ નહીં માત્ર ને માત્ર આનંદ હતો. કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના કૌશલ્યાબેન તથા શિક્ષકગણનો મોટો ફાળો રહ્યો હતો.

## સે-૨૪ ઈન્દિરાનગરમાં જુગાર રમતા ત્રણ શકુની પકડાયા

ગાંધીનગર, તા.૨૫

શહેરના સેકટર-૨૪ ઈન્દિરાનગર વિસ્તારમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી સે-૨૧ પોલિસને મળતા ડી સ્ટાફે ઈન્દિરાનગરમાં દરોડો પાડી જુગાર રમી રહેલા ત્રણ શકુનીઓને રંગે હાથ પકડી લીધા હતાં. સે-૨૧ પોલિસે રૂ. ૧૨ હજારનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણેય શકુનીઓની ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સેકટર-૨૧ પી.આઈ. નિરજ પટેલની સુચનાથી તેમના ડીસ્ટાફની ટીમ જુગાર-દારૂના અડ્ડાઓ શોધવા તથા આ બદીઓ સાથે સંકળાયેલી વ્યકિતઓની બાતમી મેળવી તેમને પકડી પાડવા દોડતી થઈ છે ત્યારે ગઈ કાલે ચોકકસ બાતમી મળી હતી કે સે-૨૪ ઈન્દિરાનગર ખાતે ત્રણ શખ્સો ખુલ્લેઆમ બાજી માંડીને બેઠા છે. જે આધારે ટીમે દરોડો પાડી ત્રણેયને દબોચી લીધા હતા. ઈન્દિરાનગરના રાકેશ ચતુર સોલંકી, સંજય પ્રભુ રાવળ અને ભીમા પસા સોલંકી મળી ત્રણ શખ્સોની ધરપકડ કરી લઈ સે-૨૧ પોલિસો જુગારધારા હેઠળ ગુનો નોંધી કડક કાર્યવાહી હાથ ધરી હતી.

## રાત્રે ઘરઆંગણે સુતેલી ૪ વર્ષની બાળકીને કોઈ હવસખોર ઉઠાવી ગયો...!


### પેથાપુર પાસે બનેલી આ ઘટનાથી અરેરાટી

ઉત્તરપ્રદેશ-બિહાર જેવા ક્રીમીનલ સ્ટેટ જેવી ઓળખ ગુજરાતની થઈ જાય તો નવાઈ નહીં...! લુંટફાટ અને હત્યાઓની ઘટના તો ઠીક હવે નાની બાળકીઓ ઉપર બળાત્કારની ઘટનાઓ પણ વધવા લાગી છે. રાજયના પાટનગર ગાંધીનગર શહેરને અડીને આવેલા પેથાપુર પાસે ગઈ રાત્રે ઘરઆંગણે સુતેલી ૪ વર્ષની ફુલસમી બાળકીને કોઈ નરાધમ હવસખોર ઉઠાવી ગયો અને બાળકીને પીંખી નાંખીને ઘર પાસે લોહીલુહાણ હાલતમાં છોડી ગયો હોવાની ઘટના બનતા અરેરાટી મચી જવા પામી છે. તાજેતરમાં અડાલજ નજીક સાવકા બાપે સગીરા દિકરી ઉપર માતાની હાજરીમાં બળાત્કાર ગુજાર્યો હોવાની ઘટના બનવા પામી હતી. આ પ્રકારની વિકૃત માનસિકતા ધરાવતા હવસખોરો ઉપર નગરજનો ફીટકાર વરસાવી રહ્યા છે. પોલીસે બાળકીનું મેડીકલ કરાવી હવસખોર શખ્સ સુધી પહોંચવા અલગ અલગ ચાર ટીમો દોડાવી દીધી છે. બાળકી અર્ધબેભાન હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ છે. એફએસએલ બોલાવીને પેથાપુર પોલિસે બળાત્કાર-પોકસોનો ગુનો નોંધી તપાસ તેજ કરી છે.

મળતી વિગત મુજબ પેથાપુર પાસેના એક વિસ્તારમાં છાપરામાં સંયુકત કુટુંબ રહે છે. છાપરાની બહાર (ઘર આંગણે) ગઈ કાલે રાત્રે ૪ વર્ષની બાળકી અલગ ખાટલામાં અને તેણીના પિતા અલગ ખાટલામાં સુતા હતા. કાકા-કાકી અને કુટુંબના અન્ય સભ્યો ઘરમાં સુતા હતા. રાત્રે દોઢેક વાગ્યાના અરસામાં બહાર સુતેલી ૪ વર્ષની બાળકીનો અચાનક રડવાનો અવાજ સંભળાતા તેણીના કાકા ઉઠી ગયા અને બહાર જઈને જોયું તો બાળકી ખાટલામાં ન હતી. ઘરથી થોડી દુર બાળકી ઘુંટણીએ બેઠા બેઠા રડી રહી હતી...! કાકા બહાર નીકળીને ભત્રીજી પાસે ગયા અને તેણીને પાણી પીવડાવ્યું. દિકરીના રડવાનો અવાજ સાંભળી ઘરના સૌ સભ્યો ઉઠી ગયા અને તેણીની પાસે પહોંચી ગયા હતા. અચાનક બાકીના કપડા ઉપર લોહીના ડાઘ દેખાતા પરિવારના સભ્યો હેબતાઈ ગયા અને ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી તાત્કાલીક બાળકીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવી હતી. હોસ્પિટલ ગયા ત્યારે ખબર પડી કે આ ફુલ સમી માસુમ બાળકીને કોઈ હવસખોર નરાધમે પીંખી નાખી છે. રાત્રે ખાટલામાં સુતેલી બાળકીને કોઈ અજાણ્યો ખ્સ ધીમેથી મોં દબાવીને ઉઠાવી ગયો અને બાળકી ઉપર બળાત્કાર ગુજારીને તેણીને ઘરથી થોડે દુર મુકીને તે શખ્સ અંધારામાં રફફુચક્કર થઈ ગયો હતો. આ ઘટનાથી પેથાપુર પંથકમાં સન્નાટો છવાઈ ગયો છે. ઘટના અંગે પોલિસને જાણ થતા સર્કલ પીઆઈની, એલસીબીની અને પેથાપુરની અલગ અલગ ટીમો નરાધમ વિકૃત શખ્સને પકડવા દોડતી થઈ ગઈ છે. બળાત્કારનો ભોગ બનેલી બાળકી અર્ધબેભાન હાલતમાં હોસ્પિટલમાં સારવાર લઈ રહી છે. પોલિસે ગુનો દાખલ કરી હવસખોર સુધી પહોંચવા વૈજ્ઞાનિક ઢબે તપાસ કરવા એફએસએલની ટીમ બોલાવી લીધી હતી. સાયન્ટીફીક ઓફીસર જી.પી. દરબાર ઘટના સ્થળે ટીમ સાથે પહોંચી ગયા હતા અને તપાસની કડીઓ મેળવવા પ્રયત્ન શરુ કર્યો છે.

# વાલીઓ તેમની અપેક્ષાઓ થોપવાને બદલે બાળકોને પ્રોત્સાહિત કરે

### શહેરના પરપ્રાંતિય શ્રમજીવી પરિવારોના બાળકોને શિક્ષણ આપવાનું કાર્ય કરતા વિક્રમસિંહ રાજપૂત માને છે કે 'ઉત્સાહથી કરાતું કાર્ય જ સાચી સાધના છે' : રાષ્ટ્રભાષાના પ્રચારક એવા આ શિક્ષક કહે છે કે, 'રાષ્ટ્રભાષાથી રાષ્ટ્રીય એકતા વધશે'




ગાંધીનગર, તા.૨૫

માર્ચ માસના આગમન સાથે શાળાઓમાં પરીક્ષાઓની મૌસમ શરુ થઈ જશે. આજના સ્પર્ધાત્મક યુગમાં ખાસ કરીને બોર્ડના વિદ્યાર્થીઓ સાથે જાણે વાલીઓની પણ પરીક્ષા હોય તેવું વાતાવરણ સરેરાશ દરેક પરીક્ષાર્થીના ઘરમાં જોવા મળે છે. પર્સનલ ટયુશન્સ અને કોચીંગ કલાસીસને અનિવાર્યતા માનતા વાલીઓ સાથે વિદ્યાર્થીઓ પર પરીક્ષાનો હાઉ સતત ઝબુંળતો રાખતા શિક્ષકો જયાં બાળકને યુધ્ધ પર જઈ રહ્યો હોય તેવી રીતે તૈયારીઓ કરાવતા હોય છે તેવા આ સમયમાં ગાંધીનગરના સેકટર-૧૨માં એક એવા શિક્ષક પણ છે જેઓના ટયુશન કલાસીસમાં 'પરીક્ષા-ઉત્સવ' ઉજવાય છે. અહીં વિદ્યાર્થીઓને પરીક્ષા એટલે ચિંતાગ્રસ્ત થવાનો નહી પરંતુ આનંદ માણવાનો પ્રસંગ હોય તેવી રીતે પરીક્ષાની તૈયારી કરાવવામાં આવે છે, કારણ કે આ શિક્ષક માને છે કે માનવી પોતાના દરેક કાર્યને ઉત્સાહથી કરે તે જ તેના કામની સાચી સાધના છે.

રાષ્ટ્રભાષા થકી દેશમાં રાષ્ટ્રીય એકતા વધશે અને રાષ્ટ્રભાષાનો વ્યાપ વધશે તો નાગરિકો ભાષાવાદ, પ્રતિવાદ, જાતિવાદ વગેરેથી દૂર થઈ એક બનશે તેવો દૃઢ વિસ્વાસ ધરાવતા આ અનોખા યુવા શિક્ષક વિક્રમસિંહ રાજપૂતની એક ઓળખ રાષ્ટ્રભાષા પ્રચારક તરીકેની પણ છે. રાજસ્થાનના ભીલવાડા પાસેના નાનકડા ખલિયા ગામના પરિવારના મોભીને ગુજરાત સરકારના પાણી પુરવઠા બોર્ડમાં વર્ષ ૧૯૮૬માં ડ્રાઈવરની સરકારી નોકરી મળતા ગાંધીનગર આવીને સ્થાયી થયા હતા. સેકટર-૩૦માં રહેતા આ પરિવારમાં ત્રણ દિકરા હતા જેમાંથી સૌથી મોટા દિકરા વિક્રમસિંહ રાજપૂત કોલેજ દરમિયાન જ નજીકના ફતેપુરાની સરકારી શાળાના જરૂરિયાતમંદ વર્ગના બાળકોને ટયુશન આપવાની સેવા આપતા હતા. આ સમયે જયારે તેઓ કોલેજ માટે આવ-જા કરી રહ્યા હોય ત્યારે રસ્તામાં મળતા આ બાળકો તેમને 'સર' કહી બુમ પાડીને બોલાવતા એટલે વિક્રમસિંહને ગજબનો રોમાંચ થતો બસ ત્યારથી જ તેમણે નક્કી કરી લીધું હતું કે 'હું શિક્ષક બનીને વિદ્યાના પ્રચારનું કાર્ય કરીશ.' અંગ્રેજી વિષયમાં સ્નાતક થયા પછી કોમ્પ્યુટરનો પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમાં કરી ખાનગી શાળામાં કોમ્પ્યુટર ઈન્સ્ટ્રકટરની નોકરી કરતા વિક્રમસિંહને રાષ્ટ્રભાષા હિન્દી પ્રત્યે ગજબનો લગાવ હતો. વળી, કોલેજ કાળ દરમિયાન તેમણે એનસીસી તથા રમતગમતમાં કબડ્ડી અને ક્રિકેટ જેવી રમતોમાં અગ્રેસર રહેવાને કારણે તેમનામાં શિસ્ત અને અનુશાસન પ્રિયતાના ગુણો વિકસ્યા હતા અને તેઓ નેતાજી સુભાષચંદ્ર બોઝથી ખૂબ પ્રભાવિત હતા. ગાંધીનગરમાં વસતા આશરે પાંચેક હજાર જેટલા હિન્દી ભાષી પરિવારોના બાળકોને ટયુશન આપવાનું ચાલુ કર્યું હતું જેમાં અનેક બાળકો શ્રમજીવી વર્ગ જેવા કે પાણીપુરી કે અન્ય ખાણીપીણીની લારીવાળા, ખૂમચાંવાળા, પાથરણાંવાળા, શાકભાજીવાળા, મજૂરી કામ કરતા કે રસોઈ કામ સાથે સંકળાયેલા પરિવારોના હતા જેમને અત્યંત ઓછી ફી અથવા તો જો વધારે જરૂરિયાતમંદ જણાય તો તદ્દન મફતમાં વિક્રમસર જ ભણાવતા હતા. છેલ્લા ૧૫ વર્ષના તેમના આ શ્રમયજ્ઞમાં અત્યાર સુધીમાં તેમણે આશરે ૧૫૦થી વધુ બાળકોને વિના મૂલ્યે ધો-૬ થી માંડીને ધો-૧૨ સુધીનું શિક્ષણ આપ્યું છે.






કોમ્પ્યુટર ઈન્સ્ટ્રકટરની જોબ છોડી અન્ય ખાનગી શાળાઓમાં પાર્ટટાઈમ શિક્ષકની નોકરી કરવા સાથે તેમણે અંગ્રેજી અને સમાજવિદ્યા વિષય સાથે બીએડ પણ પુરું કરી લીધું. આ દરમિયાન તેમના લગ્ન પણ થઈ ગયા અને પત્નિ યમુનાબેન પણ બીકૉમ બીએડ થયેલા મળ્યા હતા. તેથી તેમના કામમાં મદદરૂપ થતા હતા. સે-૩૦ની શાળામાં ફરજ દરમિયાન બાળકોને કબડ્ડી રમવા માટે ખૂબ પ્રોત્સાહિત કરતા વિક્રમસિંહ એકવાર ભરૂચ ખાતે યોજાયેલ રાજયકક્ષાના રમતોત્સવમાં કબડ્ડીના ટીમ મેનેજર તરીકે પણ સેવાઓ આપી ચુકયા છે. આ સાથે તેઓ રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિમાં જોડાયા હતા અને શહેરની અનેક ખાનગી-સરકારી શાળાઓમાં રાષ્ટ્રભાષા પ્રત્યે જાગૃતિ માટે વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, અનુવાદ લેખન વગેરેનું આયોજન કરતા અને વકતવ્યો આપતા જેના પગલે તેમને સમિતિમાં મહામંત્રીપદ સોંપવામાં આવ્યું હતું. શહેરની ૨૨ જેટલી શાળાઓમાં હિન્દી સંવાદનું આયોજન કરવા સાથે વિક્રમસિંહે ગાંધીનગરની સરકારી શાળાઓને મર્જ કરી ખાનગી ટ્રસ્ટને સોંપવાના નિર્ણય સામે સતત ત્રણ વર્ષ સુધી સે-૨૭ની શાળામાં બાળકોને વિના મૂલ્યે ભણાવવાની સેવાઓ આપી હતી. તેમના આ સરકારી શાળા બચાવો અભિયાન પછી ગાંધીનગરની ભારત વિકાસ પરિષદ દ્વારા તેમને શ્રેષ્ઠ શિક્ષકના એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, રાજસ્થાન પત્રિકા, રાજસ્થાન સેવા સંઘ દ્વારા પણ તેમને 'બેસ્ટ પરફોર્મન્સ' અને રોટરી કલબ દ્વારા 'બેસ્ટ સર્વિસ'ના ખિતાબ એનાયત કરાયા છે.

અંતે શિક્ષકની ખાનગી નોકરી છોડી માત્ર પોતાના ટયુશન કલાસીસ થકી ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગના બાળકોને ભણાવવાનું વિક્રમસિંહે નક્કી કર્યું અને સમગ્ર ગાંધીનગરમાં સૌથી ઓછી ટયુશન ફી સાથે તેઓ વિદ્યાર્થીઓને વેકેશનમાં વિના મૂલ્યે સ્પોકન ઈંગ્લિશ શિખવાડે છે. તેમજ વખતો વખત 'મોટીવેશનલ સ્પીચ' થકી પ્રોત્સાહિત કરતા રહેલ છે. પોતાના વર્ગમાં ૬૦ ટકાથી વધુ ગુણ લાવનાર બાળકને ઈનામો આપવા સાથે તેઓ વિદ્યાર્થીઓનો પ્રતિભા સન્માન કાર્યક્રમ પણ યોજતા રહે છે. આ સાથે ગાંધીનગરના પરપ્રાંતિય ઓબીસી સમાજના કન્વીનર તુલસીભાઈ માળી સાથે મળીને પાટનગરમાં રાષ્ટ્રભાષા હિન્દી માધ્યમની સરકારી શાળા ચાલુ કરાવવા સતત પ્રયત્નશીલ છે. બોર્ડની પરીક્ષાના વિદ્યાર્થીઓ તણાવનો શિકાર બની આત્મહત્યા સુધીના પગલાં ભરે છે તે બાબતે વાલીઓને તેમની અપેક્ષાઓ બાળકો પર થોપ્યા વગર બાળકો સાથે સતત સંપર્કમાં રહેવાની અનો નકારાત્મક વાતો કરવાને બદલે પ્રોત્સાહિત કરતા રહેવાની શીખ આપતા વિક્રમસિંહ રાજપૂત કહે છે કે 'હું પણ જયારે બાળકોને ભણાવું છું ત્યારે હંમેશા ઉત્સાહથી જ ભણાવું છું. જેના કારણે મારા કામ પ્રત્યેની લાગણી જોઈ બાળકોનો માનસિક તણાવ પણ દૂર થઈ જાય છે.'

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com

## વાતવાતમાં

● વાવોલમાંથી વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ હુસેન અબ્દુલ શેખ ઝડપાયો છે. આ શખ્સને પોલિસે રૂ. ૩૦૩૨ની રોકડ રકમ સાથે ઝડપી લીધો હતો.

● ગાંધીનગરમાં ટાયર ચોરોએ પોલિસના નાકમાં દમ કરી મુકયો છે. શહેરના સે-૨૬માં કિસાનનગર ખાતેથી વધુ બે ગાડીઓના ટાયર ચોરાયાની ઘટના બનવા પામી છે.

● બોલીવુડની ખ્યાતનામ અભિનેત્રી શ્રીદેવીના આકસ્મિક નિધનથી શહેરના ફિલ્મ રસિકોએ સોશ્યલ મિડીયા પર શ્રીદેવીના ફિલ્મોના ગીતો તથા સીન્સ સાથે સાંકળતા મેસેજીસ અપલોડ કરી શ્રધ્ધાંજલી પાઠવી હતી.

## ચિરવિદાય

- સ્વ. પરમાર કાજીભાઈ મનાભાઈ, ઉ.વ. ૬૫
- સ્વ. ચાવડા ચંદનસિંહ નાથુસિંહ, ઉ.વ. ૮૨
- સ્વ. જશુભા મુળુભા વાઘેલા, ઉ.વ. ૭૯
- સ્વ. સવિતાબેન કુમનદાસ પિપળીયા, ઉ.વ. ૭૦
- સ્વ. રાણા બબુબા મફતજી, ઉ.વ. ૮૦
- સ્વ. દશરથલાલ ચુનીલાલ મોદી, ઉ.વ. ૭૦